# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref no. PN 2025-26/249 Dt. 13/12/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બરના પ્રતિનિધિ મંડળની નવી દિલ્હી ખાતે નવા સસંદ ભવનની મુલાકાત

### માનનીય કેબિનેટ મંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયાજીના નિવાસસ્થાને થયેલ મુલાકાતમાં કોમનવેલ્થ ગેમની કેટલીક રમતો સુરતમાં યોજાય તે અંગે વાર્તાલાપ થયો

### ચેમ્બરના પ્રતિનિધિ મંડળે સ્પેન દેશના કોન્સ્યુલેટ જનરલ સાથે પણ મુલાકાત કરી, યશોભૂમિ ખાતે આયોજિત પેપર એકસ એકિઝબિશનની પણ મુલાકાત લીધી

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, ઓલ એકઝીબિશન્સ ચેરમેન શ્રી કિરણ ઠુંમર અને ઈન્ડસ્ટીયલ ટુર કમિટી ચેરમેન શ્રી અરવિંદ બાબાવાલાના નેજા હેઠળ ચેમ્બરના સભ્યોના પ્રતિનિધિ મંડળે તાજેતરમાં જ તા. ૪ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ નવી દિલ્હી ખાતે ભારતીય લોકતંત્રના પવિત્ર મંદિર સમાન ભારતીય સંસદ ભવનની મુલાકાત લીધી હતી. સુરતના સંસદ સભ્ય શ્રી મુકેશભાઈ દલાલના સહકાર અને માર્ગદર્શન દ્વારા આ મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચેમ્બરના પ્રતિનિધિ મંડળે સંસદ ભવન ખાતે સુરતના સંસદ સભ્ય શ્રી મુકેશભાઈ દલાલ તથા અગ્રણી ડાયમંડ ઉદ્યોગપતિ રાજ્યસભાના સંસદ સભ્ય શ્રી ગોવિંદભાઈ ધોળકિયા સાથે પણ મુલાકાત કરવામાં આવી હતી. સંસદમાં થતા કાયદા નિર્માણની પ્રક્રિયા, ચર્ચાઓ, પ્રશ્નોત્તરી અને વિવિધ સમિતિઓની કામગીરી વિશે જાણકારી મેળવી હતી. ચેમ્બરના સભ્યોને દેશની લોકશાહી પ્રક્રિયાને નજીકથી સમજવાની તક મળી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આ પ્રકારની મુલાકાતો ઉદ્યોગ જગત અને નીતિનિર્માણ પ્રક્રિયા વચ્ચે સમજદારી વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. દેશના વિકાસમાં ઉદ્યોગ ક્ષેત્રની ભૂમિકા તેમજ નીતિગત નિર્ણયોની અસરને નજીકથી સમજવાની તક પૂરી પાડે છે. આ મુલાકાતનો મુખ્ય હેતુ ઉદ્યોગ જગતના પ્રતિનિધિઓને દેશની વિધાન પ્રક્રિયા, લોકસભા અને રાજ્યસભાની કામગીરી અંગે પ્રત્યક્ષ માહિતી આપવાનો અને અનુભવ કરાવવાનો હતો.

માનનીય કેબિનેટ મંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયાની સાથે ખૂબ જ સુંદર વાર્તાલાપ થયો હતો, જેમાં કોમનવેલ્થ ગેમની કેટલીક રમતો સુરતમાં આયોજિત કરવામાં આવે તે અંગે ચર્ચા થઇ હતી. આ ઉપરાંત યુવાનો અને સ્ટાર્ટઅપ માટે સરકાર કઈ કઈ યોજનાઓ હાલમાં ચલાવી રહી છે તે અંગે વિસ્તૃત જાણકારી મંત્રીશ્રીએ આપી હતી. ચેમ્બર દ્વારા લેબર કોન્કલેવ માટે માનનીય મંત્રીશ્રીને આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું.

ચેમ્બરના પ્રતિનિધિ મંડળે સ્પેન દેશના કોન્સ્યુલેટ જનરલ His Excellency (H.E.) જુઆન એન્ટોનિયો માર્ચ સાથે પણ મુલાકાત કરી હતી. મુલાકાત દરમ્યાન આંતરરાષ્ટ્રીય વેપાર, નિકાસ–આયાતની તકો, દ્વિપક્ષીય સહયોગ અને ઉદ્યોગ ક્ષેત્રના વિસ્તરણ અંગે મહત્વપૂર્ણ ચર્ચાઓ કરવામાં આવી હતી, જેનાથી સુરત અને દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારો માટે નવા વૈશ્વિક વેપારી માર્ગો ખુલવાની આશા વ્યકત થઈ હતી.

પ્રતિનિધિ મંડળે પ્રધાનમંત્રી મ્યુઝિયમ અને વિશ્વવિખ્યાત અક્ષરધામ મંદિરની પણ મુલાકાત લીધી હતી.

ચેમ્બરના પ્રતિનિધિ મંડળે યશોભૂમિ ખાતે આયોજિત પેપર એકસ ૨૦૨૫ એકઝીબિશનની પણ મુલાકાત લીધી હતી, જ્યાં વિવિધ પેપર મેન્યુફેકચરર્સ, મશીનરી સપ્લાયર્સ અને ટ્રેડર્સ દ્વારા નવીન ટેકનોલોજી, ઉત્પાદન ક્ષમતા વધારતા ઉપકરણો તથા એન્વાયર્નમેન્ટ–ફ્રેન્ડલી પેપર સોલ્યુશન્સનું પ્રદર્શન નિહાળ્યું હતું. પ્રતિનિધિ મંડળે સ્ટોલ ધારકો પાસેથી ઉદ્યોગના હાલના ટ્રેન્ડ્સ, બજારની માંગ, કાચામાલની ઉપલબ્ધતા અને એક્ષ્પોર્ટની તકો અંગે વિગતવાર જાણકારી મેળવી હતી.